### ૩૦મી નવેમ્બર સુધી ટ્રક, કાર અને જીપ માટે ફાસ્ટેગ ફ્રી

# ફાસ્ટેગ માટે રૂ.૨૦૦ ડિપોઝિટ રખાશે દરેક ટોલ પ્લાઝા ઉપરથી પણ રિચાર્જ

## ફાસ્ટેગ બેન્ક એકાઉન્ટ સાથે જોડવો પડશે, ક્રેડિટ, ડેબીટ કાર્ડ, ઓનલાઈન પેમેન્ટથી રિચાર્જ થશે

। વડોદરા ।

આગામી તા.૧લી ડિસેમ્બરથી નેશનલ હાઈવેના તમામ ટોલ પ્લાઝા ખાતેથી ફાસ્ટેગનો અમલ કરવાની જાહેરાત કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીએ કરી છે, ત્યારે હવે સરકારના આ મહત્વના પ્રોજેક્ટના અમલ માટે દરેક રાજ્યોમાં એક પ્રભારી અધિકારીની નિમણુંક કરાઈ છે. ફાસ્ટેગ એ રેડિયો ફ્રિકવન્સી ટેકનોલોજી આધારીત હોય છે. જેને વાહનના વિન્ડ સ્ક્રીન ઉપર લગાવાય છે. જેવું વાહન ટોલ પ્લાઝા ઉપર આવે કે ઓટોમેટિક વાહનની નોંધ ટોલ પ્લાઝા ઉપરના કોમ્પ્યુટર ઉપર થઈ જતી હોય છે. જેવું વાહન ટોલ પ્લાઝામાંથી બહાર નિકળે ત્યારે ટોલની ગણતરી કરીને લીંક કરાયેલા બેંક એકાઉન્ટમાંથી આપો આપ તેની ફી વસૂલાતી હોય છે.

ફાસ્ટેગ માટે રૂ.૨૦૦ ડિપોઝીટ તરીકે રાખવામાં આવશે. આ ઉપરાંત ટોલ પ્લાઝા ઉપરથી પણ રિચાર્જ કરાવી શકાશે. ક્રેડિટ, ડેબીટ કાર્ડ,ઓનલાઈન પેમેન્ટ દ્વારા પણ ફાસ્ટેગને રિચાર્જ કરાવી શકાશે. દેશના ૫૩૭ ટોલ પ્લાઝા ઉપર ફાસ્ટેગ લેવા માટે હાલ કોઈ કેવાયસીની જરૂર નહિ રહે. જ્યારે બેંકમાંથી ફાસ્ટેગ લેવા માટે કેવાયસી જરૂરી રહેશે. ૩૦મી નવેમ્બર સુધી ટ્રક, કાર,જીપ માટે ફાસ્ટેગ ફ્રી છે. ફાસ્ટેગ અમલી બનાવવા માટે વાહનની આરસીબુક ફરજિયાત છે. આ ઉપરાંત આઈડી પ્રુફના વિવિધ પ્રકારોમાંથી આધાર, ડ્રાઈવિંગ લાયસન્સ, ચૂંટણી કાર્ડ વગેર જરૂરી હોય છે. બેંક એકાઉન્ટ નંબર પણ ફાસ્ટેગ સાથે લિંક કરવા માટે જરૂરી હોય છે. દેશના ૫૩૭ ટોલ પ્લાઝામાંથી ૪૧૨માં તમામ લેન ફાસ્ટેગ માટે કરાઈ છે.

Limited & Printed by him at Sandesh Bhavan, Lad Society Road, Behind Vastrapur Gam, PO: Bodakdev, Ahmeda

સંદેશ
SAT,23 NOVEMBER 2019
AHMEDABAD